# વિષય : વિજ્ઞાન અને ટેક્નોલોજી

## ધોરણ : 10

સમય : 75 મિનિટ **પ્રશ્નપત્ર - 2** કુલ ગુણ : 50

## PART-A

- **નીચે આપેલા 1 થી 50 હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.**
- **પ્રશ્નોની સાથે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી OMR પદ્ધતિથી જવાબ આપવાના રહેશે.**

1 1 સેકન્ડ = ........................ નેનો સેકન્ડ.
(A) $10^{-6}$ (B) $10^{-9}$ (C) $10^{6}$ **(D) $10^{9}$**

2 ગોળાકાર અરીસા માટે R અને f વચ્ચેનો કયો સંબંધ સાચો છે ?
**(A) R = 2f** (B) R = f (C) R = f/2 (D) R = 4f

3 વિદ્યુત સ્થિતિમાન નો એકમ કયો છે ?
(A) કુલંબ / સેકન્ડ **(B) જૂલ / સેકન્ડ** (C) એમ્પિયર / સેકન્ડ (D) વોલ્ટ / સેકન્ડ

4 અવરોધનો એકમ ................... છે.
(A) વોલ્ટ **(B) ઓહમ્** (C) એમ્પિયર (D) કુલંબ

5 વિદ્યુત પાવર એટલે .................
(A) વિદ્યુતભારનો દર (B) વિદ્યુત પ્રવાહનો દર (C) વિજસ્થિતિમાનનો દર **(D) વિદ્યુત ઊર્જાનો દર**

6 વિદ્યુતભારનો એકમ ......................... છે.
(A) ઈલેક્ટ્રોન **(B) કુલંબ** (C) એમ્પિયર (D) વોલ્ટ

7 વિદ્યુતભારની ચુંબકીય અસર સૌ પ્રથમ કોણે નોંધી ?
(A) ફેરાડે **(B) ઓર્સ્ટેડ** (C) વોલ્ટાસે (D) એમ્પિયર

8 શુધ્ધ પાણી વિદ્યુતનું ........................
**(A) સુવાહક છે.** (B) અર્ધવાહક છે. (C) અવાહક છે. (D) અતિવાહક છે.

9 ઊર્જાનો મુખ્ય સ્ત્રોત કયો છે ?
(A) વીજળી (B) પવન **(C) સૂર્ય** (D) જળ

10 ભવિષ્યના સક્ષમ ઊર્જા સ્ત્રોત કોને માનવામાં આવે છે ?
(A) કુદરતી વાયુ (B) પેટ્રોલિયમ **(C) હાઈડ્રોજન** (D) કોલસો

11 કઈ ઊર્જા સૂર્ય આધારિત છે ?
(A) જળ ઊર્જા (B) પવન ઊર્જા (C) બાયોગેસ **(D) A, B, C ત્રણેય**

12 સૌર ઊર્જાનું ગરમીમાં રૂપાંતર કરતું કયું સાધન નથી ?
(A) સોલર કૂકર (B) સોલર વોટર હીટર **(C) સોલાર સેલ** (D) સોલર વોટર પંપ

13 સૌથી તેજસ્વી લઘુ ગ્રહ કયો છે ?
(A) ટિટ્રોન **(B) વેસ્ટા** (C) શેરોન (D) ડિમોસ

14 નીચોનામાંથી પાર્થિવ ગ્રહ કયો છે ?
(A) બુધ (B) યુરેનસ (C) ગુરૂ **(D) પ્લુટો**

15 સૂર્ય મંડળમાં કદમાં સૌથી નાનો ગ્રહ કયો છે ?
**(A) બુધ** (B) સૂર્ય (C) પ્લુટો (D) પૃથ્વી

16 પ્રકાશવર્ષ કોનો એકમ છે ?

(A) **અંતર** (B) દળ (C) સમય (D) ઉંમર

17 હાઈડ્રોજીનેશનની પ્રક્રિયા ...................... ઉદ્દીપકની હાજરીમાં થાય છે.

(A) Fe **(B) Ni** (C) Cu (D) Zn

18 સંતુલને ઘટકોની સાંદ્રતા ............................

**(A) મોલ પ્રતિ લિટર** (B) તુલ્યભાર / લિટર (C) ગ્રામ પ્રતિ લિટર (D) મોલઅંસ / લિટર

19 કયું દ્રાવણ સૌથી એસિડીક છે ?

**(A) PH = 3** (B) PH = 4 (C) PH = 5 (D) PH = 6

20 $Ca(OH)_2$ ને શું કહે છે ?

**(A) ભીંજવેલો ચૂનો** (B) ચૂનાનો પત્થર (C) નવસાર (D) ધોવાનો સોડા

21 દાંતના ચોકઠાના બીબાની બનાવટમાં કયો પદાર્થ વપરાય છે ?

(A) ધોવાનો સોડા (B) મૃત બર્ન્ટ (C) ખાવાનો સોડા **(D) પ્લાસ્ટર ઓફ પેરિસ**

22 $CaSO_4$ ½ $H_2O$ ને કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) કેલ્શિયમ હાઈડ્રોક્સાઈડ (B) બ્લીચિંગ પાઉડર **(C) પ્લાસ્ટર ઓફ પેરિસ** (D) કળી ચૂનો

23 કાયમી ચુંબક કયા સ્ટીલમાંથી બનાવવામાં આવે છે ?

(A) સિલિકા સ્ટીલ (B) સ્ટેનલેસ સ્ટીલ **(C) કોબાલ્ટ સ્ટીલ** (D) મેંગેનીઝ સ્ટીલ

24 નીચેનામાંથી કયું અધાતુ તત્વ પ્રવાહી છે ?

(A) ફોસ્ફરસ **(B) બ્રોમીન** (C) સલ્ફર (D) ક્લોરીન

25 સૂર્યમાં મુખ્યરૂપે રહેલું ધાતુ તત્વ કયું છે ?

(A) સલ્ફર (B) નાઈટ્રોજન **(C) હાઈડ્રોજન** (D) ક્લોરિન

26 ધુમાયમાન સલ્ફ્યુરિક એસિડ (ઓલિયમ)નું અણુસુત્ર જણાવો.

(A) $HS_4O_7$ (B) $HSO_4$ **(C) $H_2S_2O_7$** (D) $H_2SO_5$

27 નીચેનામાંથી $SO_2$વાયુ શેના માટે જવાબદાર છે ?

(A) એસિડ વર્ષા (B) હવાનું પ્રદુષણ ફેલાવવા

(C) ઓક્સિડેશન દ્વારા $SO_3$ ના ઉત્પાદનમાં **(D) ઉપરના બધા જ.**

28 કાર્બનિક એસિડનું સાચું અણુસુત્ર કયું છે ?

**(A) $H_2CO_3$** (B) $H_4CO_3$ (C) $H_2C_2O_3$ (D) અહીં આપેલ નથી

29 રહોમ્બિક સલ્ફર કેટલા તાપમાને સ્થાયી છે ?

**(A) $96^0$ સે.** (B) $96^0$ સે. થી વધુ (C) $100^0$ સે. થી વધુ (D) $273^0$ સે.

30 ફિશર અને ટ્રોપ્સ પ્રક્રિયામાં કયો પદાર્થ ઉદ્દીપક તરીકે વપરાય છે ?

(A) $H_2$ (B) $N_2$ (C) $O_2$ **(D) CoO**

31 કયું સંયોજન સંઘનન પોલિમરનું ઉદાહરણ છે ?

(A) PVC (B) પોલિથિન **(C) નાયલોન (પોલિએમાઈડ)** (D) પોલિસ્ટાયરીન

32 $C_3H_7OH$ નું IUPAC નામ કયું છે ?

(A) ઈથેનોલ (B) મિથેનોલ **(C) પ્રોપેનોલ** (D) બ્યુટેનોલ

33 નેઈલ પોલિશ દૂર કરવાકયું સંયોજન વપરાય છે ?

(A) ઈથેનોઈક એસિડ **(B) એસિટોન** (C) મેથેનોલ (D) એસિટાલ્ડીહાઈડ

34 રાક્ષી દાંતનું કાર્ય શું છે ?

(A) કાપવાનું **(B) ચીરવાનું** (C) દળવાનું (D) ભરડવાનું

35 હાઈડ્રાનું ઉત્સર્જન અંગ કયું છે ?

(A) આશયક (B) આકુંચક રસધાની **(C) અધોમુખ** (D) મૂત્રપિંડ

36 રુધિરજૂથ માટેના એન્ટિજન ક્યાં આવેલા હોય છે ?

(A) શ્વેતકણો પર **(B) રક્તકણો પર** (C) રુધિરરસમાં (D) રુદિરકણિકાઓમાં

37 લગભગ બધી જ શિરાઓમાં હંમેશા કેવું રુધિર વહન પામે છે ?

(A) શુધ્ધ **(B) અશુધ્ધ** (C) ઉત્સર્ગ દ્રવ્યોવાળું (D) ઉપરના બધા જ

38 નીચેનામાંથી કઈ વનસ્પતિ સ્પર્શાનુવર્તન દર્શાવે છે ?

(A) કીટાહારી (B) સૂર્યમુખી **(C) લજામણી** (D) પાનફૂટી

39 કયા બહુકોષીય પ્રાણીમાં ચેતાતંત્રની રચના હોતી નથી ?

**(A) હાઈડ્રા** (B) તીડ (C) વાદળી (D) પટ્ટીકૃમિ

40 અનુકંપી ચેતાતંત્ર હૃદયના ધબકારાને શું અસર કરે છે ?

(A) ઘટાડે છે **(B) વધારે છે** (C) અસર કરતું નથી (D) (A)અને (B)બંને

41 મનુષ્યમાં કઈ ગ્રંથિ નલિકારહિત નથી ?

**(A) પિચ્યુટરી** (B) સ્વાદુપિંડ (C) શુક્રપિંડ (D) લાળગ્રંથી

42 નીચેમાંથી કયો સજીવ કલિકાસર્જન દર્શાવે છે ?

(A) અમીબા **(B) હાઈડ્રા** (C) પેરામેશિયસ (D) સ્પાયરો ગાયરા

43 45-50 વર્ષનો ગાળો સ્ત્રીમાં શું દર્શાવે છે ?

(A) ઋતુચક્ર (B) ગર્ભાવધિકાળ **(C) મેનોપોઝ** (D) દૂધનો સ્ત્રાવ

44 આરોપણમાં જે ભાગને જોડવામાં આવે તેને શું કહે છે ?

(A) સ્ટોક **(B) સાયોન** (C) કલમ (D) દાબ કલમ

45 શુક્રપિંડમાંથી કયો અંતઃસ્ત્રાવ સ્ત્રવે છે ?

**(A) ટેસ્ટોસ્ટેરોન** (B) પ્રોજેસ્ટેરોન (C) ઈસ્ટ્રોજન (D) આલ્ડોસ્ટેરોન

46 રીટ્રોવાઈરસનું ઉદાહરણ કયું છે ?

**(A) એઈડ્સના વાઈરસ** (B) TMV (C) બેક્ટેરિયો ફેજ વાઈરસ (D) એકપણ નહીં.

47 ડાર્વિને કયો સિદ્ધાંત આપ્યો ?

(A) ઉપાર્જિત લક્ષણોનો સિધ્ધાંત (B) જનનરસ સાતત્ય સિધ્ધાંત

(C) વિકૃતિવાદ **(D) પ્રાકૃતિક પસંદગીનો વાદ**

48 સેટેલાઈટ ધરાવતા રંગસૂત્રનો પ્રકાર જણાવો.

(A) ટીલોસેંટ્રિક (B) મેટાસેટ્રિક (C) સબ મેટ્રાસેટ્રિક **(D) એકોસેન્ટ્રિક**

49 જૈવ વિઘટનીય પ્રદૂષક ........................ છે.

(A) આર્સેનિક (B) સીસું (C) પારો **(D) લાકડું**

50 ઓઝોન સ્તરના ઘટાડાને કારણે કયા કિરણો પૃથ્વી પર આવે છે ?

**(A) પારજાંબલી** (B) ઈન્ફ્રારેડ

(C) પારરક્ત (D) પારરક્ત અને પારજાંબલી સંયુક્ત

| સમય : 2 કલાક | PART-B | કુલ ગુણ : 50 |
|---|---|---|

- આ પ્રશ્નપત્રમાં કુલ ચાર પેટા વિભાગો છે.
- બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
- સૂચના પ્રમાણે આકૃતિનો સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
- જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

## SECTION-A

**❏ પ્ર. નં. ૧ થી ૫ ટૂંક જવાબી પ્રશ્નો છે. પ્રત્યેકનો ઉત્તર વધુમાં વધુ ૩૦ શબ્દોની મર્યાદામાં લખો. (દરેકના ૨ ગુણ) (10)**

1. બકીબોલ અને કાર્બન નેનોટ્યુબના ઉપયોગ જણાવો.
2. ઈલેક્ટ્રોલિસિસ માટેના ફેરડેના સિધ્ધાંતો લખો. **અથવા**
2. જો વીજળીનો વપરાશ 200 યુનિટ હોય તો કેટલી ઊર્જા વાપરી કહેવાય ?
3. વિદ્યુતચુંબક (હંગામી ચુંબક) કેવી રીતે બનાવી શકાય ?
4. ઈલેક્ટ્રીક મોટરનો સિધ્ધાંત ટૂંકમાં સમજાવો.
5. ન્યુક્લિઅર સંલયનથી મળતી ઊર્જા ન્યુક્લિઅર વિખંડનથી મળતી ઊર્જા કરતાં કઈ રીતે ચડિયાતી છે ? **અથવા**
5. ન્યુક્લિયર શૃંખલા પ્રક્રિયા સફળ થવા માટેની શરતો જણાવો.

## SECTION-B

**❏ પ્ર. નં. 6 થી 10 ટૂંક જવાબી પ્રશ્નો છે. પ્રત્યેકનો ઉત્તર વધુમાં વધુ 30 શબ્દોની મર્યાદામાં લખો. (10)**

6. ભારતે અવકાશમાં છોડેલા વિવિધ કૃત્રિમ ઉપગ્રહોના નામ આપો.
7. રાસાયણિક સંતુલ માટેની આવશ્યકતા લખો.
8. પ્રોપેનોન અને ફોર્માલ્ડિરાઈડની યોગશીલ પ્રક્રિયા લખો. **અથવા**
8. સાબુ અને ડિટરજન્ટના તફાવતના બે મુદ્દા લખો.
9. સજીવોમાં પર્યાવરણીય પ્રતિચાર ઉદાહરણ આપી સમજાવો.
10. ટૂંકનોંધ લખો. ઓક્સિડેશન તળાવ.

## SECTION-C

**❏ પ્ર.નં. 11 થી 15 ના ટૂંક જવાબી પ્રશ્નો છે. પ્રત્યેકનો ઉત્તર 50 શબ્દોની મર્યાદામાં લખો. (પ્રત્યેકના 3 ગુણ) (15)**

11. સંયુક્ત માઈક્રોસ્કોપની રચના, આકૃતિ અને કાર્યપધ્ધતિ સમજાવો

**અથવા**

11. ટૂંકનોંધ લખો.: ગુરૂ દષ્ટિની ખામી
12. સંતુલનની ગતિશીલતા દર્શાવતો પ્રયોગ વર્ણવો.
13. સલ્ફર ડાયોક્સાઈડ વિશે નોંધ લખો. **અથવા**
13. સલ્ફરની $H_2SO_4$ , કાર્બન અને હાઈડ્રોજન સાથેની પ્રક્રિયા વર્ણવો.
14. ટૂંકમાં વર્ણવો : જલવાહિનીકી **અથવા**
14. વ્યાખ્યા આપો. ધમની, શિરા, રુધિરકેશિકા
15. રંગસૂત્રના પ્રકારો સમજાવો.

## SECTION-D

**❏ પ્ર. નં. 16 થી 18 ના મુદાસર સવિસ્તાર ઉત્તર 100 શબ્દોની મર્યાદામાં જણાવો. (દરેક મુદ્દાના 5 ગુણ) (15)**

16. લંબધન વડે થતું વક્રીભવન સમજાવી લેટરલ શિફટ વિશે માહિતી આપો.
17. શુધ્ધ એલ્યુમિનામાંથી એલ્યુમિનિયમ ધાતુ મેળવવા માટેની હોલ-હેરાઉલ્ટ પધ્ધતિ વર્ણવો. **અથવા**
17. વાતભઠ્ઠીમાં થતી રાસાયણિક પ્રક્રિયાઓની વિગતવાર ચર્ચા કરો.
18. તીડના પાચન માર્ગની આકૃતિ દોરી સમજૂતી આપો. **અથવા**
18. પ્રકાશ સંશ્લેષણની ક્રિયા પર અસર કરતાં પરિબળો જણાવો.

✤ ✤ ✤